# અંતરમેળ

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

સપ્ટેમ્બર - ડિસેમ્બર ૨૦૧૧ વર્ષ ૪ અંક ૩ પૃષ્ઠ ૮ રૂા. ૨/-




## આધ્યાત્મિક ગુરુ શા માટે ?

*પ્રશ્નકર્તા:* તમે કહો છો કે ગુરુ અનાવશ્યક છે, પરંતુ સુજ્ઞતાપૂર્વકની દોરવણી અને સલાહ વગર હું સત્ય કેવી રીતે પ્રાપ્તિ કરી શકું? જે ફક્ત ગુરુ જ આપી શકે?

*કૃષ્ણમૂર્તિ:* પ્રશ્ન એ છે કે ગુરુની આવશ્યકતા છે કે નથી. શું સત્ય બીજા દ્વારા શોધી શકાય? કેટલા કહે છે તે રીતે શકય છે ને કેટલાંક કહે છે તે રીતે નહીં. આપણે એમાં રહેલા સત્યને જાણવું છે. હું બીજાઓના અભિપ્રાયની વિરુધ્ધમાં મારો અભિપ્રાય આપતો નથી. આ બાબતમાં મારો કોઇ જ અભિપ્રાય નથી. કદાચ એવું હોય પણ ખરુ કે કદાચ ન પણ હોય. ગુરુ હોવા જોઇએ કે ગુરુ ના હોવા જોઇએ એ કોઇના અભિપ્રાયનો સવાલ નથી. આ વિશેનું સત્ય કોઇના અભિપ્રાય પર અવલંબિત નથી. તે મત ગમે તેટલો અગાધ કે ઊંડો હોય. પાંડિત્યપૂર્ણ, લોકપ્રિય કે સાર્વત્રિક હોય. આ વિષયમાં ખરેખર શું ખરું છે તે શોધી કાઢવાનું છે.

સર્વપ્રથમ આપણને ગુરુ શા માટે જોઇએ છે? આપણે કહીએ છીએ કે અમે એટલા બધા ગૂંચવણમાં ઘેરાયેલા છે અને તેમાં ગુરુ મદદરૂપ થઇ શકે; સત્ય શું છે એનું તે સૂચન કરી શકે સમજવા માટે તે મદદરૂપ થાય. જે અમે જાણીએ છીએ તેના કરતા જીવન વિશેની તેને વધારે સમજને જાણકારી છે. તેનું વર્તન એક પિતા તરીકેનું હશે, જીવન વિશે એક શિક્ષકની રીતે આપણને સમજ આપે કે દોરવણી કરે. તેનો અનુભવ અગાધ છે અને અમારો અનુભવ ઘણો જ વામણો છે. તે તેમના વિશાળ અનુભવ થકી અમને મદદ કરે છે. એવી અનેક બાબતો છે. એટલે કે, આપણે ગુરુ પાસે એટલા માટે જઇએ છીએ કે આપણે મૂળ પાયાથી જ ગૂંચવાયેલાં છે. જો તમે સ્વયંમાં સ્પષ્ટ હોવ, તો તમે ગુરુની નજીક નહીં જાવ. એ દેખીતું છે કે તમે પૂર્ણપણે સુખી હોવ, તમને કોઇ જ સમસ્યા ના હોય. તમે જીવનને પૂર્ણપણે સમજ્યા હોત તો તમે ગુરુ પાસે નહીં જાવ. હું માનું છું કે તમે આ હાર્દ સમજ્યા હશો. કારણકે તમે ગૂંચવાયેલા છો, તમે ગુરુ શોધી કાઢો છો, તમે એની પાસે જાવ છો કે જીવન જીવવાનો માર્ગ બતાવે જે તમારી ગૂંચવણને દૂર કરે અને સત્ય શોધવાનો માર્ગ બતાવે. આમ તમે તમારા ગુરુની પસંદગી કરો છો કારણકે તમે ગૂંચવણોથી મુંઝાયેલા છો અને એવી આશા રાખો છો કે તે તમે જે કંઇ પૂછો તેનો ઉકેલ બતાવે. તમારી બધી માગણીને સંતોષે માટે તમે ગુરુ પસંદ કરો છો. તમારી અપેક્ષા સંતોષે એ પ્રમાણે તમે ગુરુ પસંદ કરો છો જે તેના દ્વારા તમને મળશે. આમ ગુરુની પસંદગી તમારી અપેક્ષા મુજબની હોય છે. જે ગુરુ તમને કહે કે તમે તમારા સ્વયં ઉપર અવલંબન રાખો ને સ્વાવલંબી બનો, તો તમે તેવા ગુરુને પસંદ કરતા નથી, તમે તમારા પૂર્વગ્રહો અનુસાર ગુરુની પસંદગી કરો છો. જ્યાં સુધી તમે તમારી અપેક્ષાની પૂર્તિ માટે ગુરુને શોધો છો ત્યારે તમને સત્યની શોધ નથી. પણ તે ગૂંચવણનો માર્ગ છે, અને એ માર્ગને ભૂલથી સત્યનો માર્ગ કહો છો.

સૌ પ્રથમ આપણે એ તપાસીએ કે ગુરુ આપણી ગૂંચવણોને મૂંઝવણ દૂર કરી શકે કે નહીં એ કલ્પનાને તપાસીએ. શું અન્ય કોઇ આપણી ગૂંચવણોનું નિરાકરણ કરી શકે? ગૂંચવણ એ તો આપણાં પ્રતિભાવનું પરિણામ છે. આપણે જ તે નિર્માણ કરી છે. શું તમને એવું લાગે કે બીજા કોઇએ એ ઊભી કરી છે, આ ગરીબાઇ, જીવનના અસ્તિત્વના દરેક સ્તરે લડાઇ અંદર અને બહાર. આપણા સ્વયં વિશે ના અધૂરા જ્ઞાનનું આ પરિણામ છે. આ એવા કારણે છે કે હજી પણ આપણે સ્વયંને સમજી શકયા નથી, આપણા ઘર્ષણને આપણા પ્રતિભાવને આપણી કંગાલિયત ને તેથી આપણે ગુરુ પાસે જઇએ છીએ અને જેના વિશે એવું માનીએ છીએ કે તે અમારી સમસ્યા અને ગૂંચવણોમાંથી અમને મુક્ત કરશે. આપણે સ્વયંને વર્તમાનકાળના સંબંધમાં જ સમજી શકીએ; અને સંબંધ જ એક ગુરુ સમાન છે, તેની બહાર બીજા કોઇ ગુરુ નથી. જો હું એ સંબંધને ના સમજુ, તો ગુરુ જે કંઇ કહે તે બધું અર્થહીન છે. કારણકે હું જો સંબંધને ના સમજુ, માલમિલ્કત સાથેનો સંબંધ, લોકો સાથેનો સંબંધ, મારી કલ્પના અને આદર્શ સાથેનો સંબંધ, આ બધા સંબંધની સમજ ના હોય તો બીજો કોણ મારી અંદરના ઘર્ષણની બાબતનો ખુલાસો કરે? બાબત મારે સ્વયંપણે સમજવી જોઇએ. એનો અર્થ એકે સંબંધની અંદર મારા સ્વયં વિશેનું મને ચોક્કસ અવધાન હોવું જોઇએ, સ્વ વિશેની સભાનતા હોવી જોઇએ. સભાનતા માટે મારે ગુરુની આવશ્યકતા નથી. જો હું સ્વયં ને ના જાણતો હોઉં, તો પછી ગુરુ નો શો ઉપયોગ છે? જેઓ પોતે જ ગૂંચવાયેલા ને અસ્પષ્ટ છે તેઓ જે રાજકીય નેતા ચૂંટી કાઢે છે આથી તેઓની પસંદગી ગૂંચવડા ભરેલી જ હોય છે, તે જ પ્રમાણે હું ગુરુની પસંદગી કરું છું. હું મારી મુંઝવણને ગૂંચવડા પ્રમાણે જ ગુરુની પસંદગી કરું છું. આથી તે ગુરુ રાજકીય નેતા જેવા જ હોય છે.

સ્વયંમાં ગૂંચવાયેલા એ મહત્વનું નથી કે કોણ સાચું છે. હું સાચો છું કે જેઓ કહે છે કે ગુરુની આવશ્યકતા છે તેઓ સાચા છે. એ શોધી કાઢવાનું છે કે તમને ગુરુની શા માટે આવશ્યકતા છે એ મહત્વનું છે. ગુરુનું અસ્તિત્વ અનેક પ્રકારે તમારું શોષણ કરનારું છે. અહીં એ મુદ્દો અપ્રસ્તુત છે. કોઇ તમને પૂછે કે તમારી પ્રગતિ કેવી ચાલે છે એ સાંભળીને તમે સંતોષ અનુભવો છો. તમને ગુરુની શા માટે જરૂર છે? એ

## સંપાદકીય

'ગુરુ' આ શબ્દની અનેક આભા કે સ્વરૂપ છે. આ બધાંમાંથી આપણે આધ્યાત્મિક સ્વરૂપ વિષે વિચાર કરીએ છીએ. કારણકે હાલમાં 'ટેકગુરુ' (તંત્રજ્ઞાન ગુરુ) નામની પણ એક સંજ્ઞા છે. કદાચિત પ્રાચીન સમયમાં ગુરુના આ બે સ્વરૂપો અલગ નહતા. શસ્ત્રવિદ્યા શીખવતા ગુરુ જ જીવન જ્ઞાન અને અધ્યાત્મજ્ઞાન શીખવતા હતા. બહુ ઊંડા ઉતરી આ વિશેનું વિશ્લેષણ કરવા કરતાં, આપણે ગુરુ વિશેની થોડી વ્યાપક ભૂમિકા અને તેની માનવીના મન પરની પકડ સમજવાનો પ્રયત્ન કરીશું. જેથી કરીને કૃષ્ણમૂર્તિ ગુરુને શા માટે નકારતા હતા તેની સ્પષ્ટતા થશે.

વ્યાસ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, પરાશર જેવા ગુરુ, રાજકારણ, સમાજકારણ, વૈયક્તિક સમસ્યા, આ બધી બાબતોમાં રાજઘરાણાથી લઈ સર્વ સામાન્ય લોકોને માર્ગદર્શન આપતાં હતા. આજે પણ અને ખાસ કરીને ગયા શતકમાં પૂર્વના દેશોમાંથી અનેક એવા ગુરુઓ આપણને માર્ગદર્શન કરનારા સામર્થ્યવાન અને વિશ્વ પ્રસિધ્ધ હતા. પશ્ચિમના સમાજે તેઓમાં ઘણો રસ દાખવ્યો હતો.

અહીં તેઓના કાર્યનું મૂલ્યાંકન કરવાનો જરા પણ હેતુ નથી. એથી પણ આગળ જઈ વ્યાપકપણે ગહનતાપૂર્વક એ વિશે નિહાળવાનો આપણે પ્રયત્ન કરીશું.

આ ગુરુ પરંપરાની મનુષ્યને શા માટે આવશ્યકતા લાગે છે? આવશ્યકતા સિવાય બજારમાં કોઈપણ વસ્તુ વેચાતી નથી. અને ધારોકે આવે તો ટકતી નથી. જે અર્થમાં આ પરંપરા ટકી રહી છે તે અર્થમાં તેની માગણી છે. આપણી તે માગણી સર્વ સામાન્ય નથી, ઉત્કટતાપૂર્વકની તે માગણીમાં આપણા અસહાય એવા મનની તીવ્ર આકાંક્ષા છે. બાહ્ય આધારની આપણને ઝંખના છે.

આ મન આટલું અસહાય શા માટે છે? તેને બાહ્ય સહાયની શા માટે આવશ્યકતા છે? આ માનવી મનને જ્યારે એ હકીકત સમજાશે કે માનસિક સ્તરે બાહ્ય આધાર કે મદદ એ એક ભ્રમ છે, ત્યારે તે મન ગુરુની શોધ કરશે નહીં. કદાચિત તે એકલું પડી જશે, પરંતુ ખોટી અપેક્ષામાં ખોટો આધાર શોધશે નહીં. આ અવસ્થામાં જ મનની સમર્થ થવાની શક્યતા રહેલી છે, અને એ જો શક્ય થાય ત્યારે ગુરુ સંપ્રદાયનો અંત આવી જશે, એના થકી ઊભા થયેલ આ બજારનો પણ અંત આવશે.

---

પ્રશ્નોમાં જ ઉકેલની ચાવી છે. કોઈ તમને એ વિશેનું સૂચન કરે, પણ ગુરુ હોવા છતાં કાર્ય તો તમારે પોતે જ કરવાનું છે, પરંતુ તમે વાસ્તવિકતાનો સામનો કરવા નથી માગતા. તમે એ જવાબદારી ગુરુના માથે લાદી દો છો. જો તમારી અંદર રતીભર પણ સ્વજ્ઞાન હશે તો ગુરુ બિનઉપયોગી બની જાય છે. ના ગુરુ, ના ગ્રંથ કે ના કોઈ ધર્મશાસ્ત્ર તમને સ્વજ્ઞાન આપી શકે. એ ત્યારે જ પ્રગટ થાય છે જ્યારે સંબંધમાં તમે સ્વયં વિશે સભાન હોવ. હોવું, એટલે સંબંધમાં હોવું; સંબંધની સમજણ ન હોવી એ જ વિપત્તિ છે, સંઘર્ષ છે. આપણી મિલકત વિશેના સંબંધની આપણને સભાનતા નથી હોતી તે પણ ગૂંચવડાનું એક કારણ છે. માલમિલકત સાથે તમારો યોગ્ય સંબંધ શું છે એની સમજ નથી હોતી ત્યારે ત્યાં ઘર્ષણને અંતે લડાઈ હોય છે અને તે સમાજની અંદર પણ ઘર્ષણ ઊભું કરે છે. જો તમને તમારી પત્ની તમારી વચ્ચેના સંબંધની સમજણ ના હોય તો આ સંબંધના કારણે ઉદ્ભવતા ઘર્ષણનો અન્ય કોઈ કેવી રીતે ઉકેલ આપી શકે? તે જ રીતે તમારી કલ્પના તમારી માન્યતા વગેરે, તમારી માલમિલકત અને લોકો સાથેના સંબંધમાં તમે મુંઝવણ અનુભવો છો ત્યારે તમે ગુરુને શોધો છો. જો એ ખરેખરમાં ગુરુ હશે તો તમને તમારા સ્વયંને સમજવાનું કહેશે. તમે સ્વયં તમારી મુંઝવણ અને ગેરસમજ માટે કારણભૂત છો. એનો ઉકેલ તમે જ્યારે સંબંધની અંદર તમે સ્વયંને સમજો ત્યારે મળે છે. તમે કોઈના દ્વારા સત્ય શોધી શકો નહીં, કેવી રીતે? સત્ય એ કંઈ સ્થાયી વસ્તુ નથી એનું કોઈ ચોક્કસ સ્થળ નથી. તે અંત નથી કે કોઈ ધ્યેય નથી. હકીકતમાં તે જીવંત ગતિશીલ અને જાગ્રત છે. તેને અંત કેવી રીતે હોઈ શકે? જો સત્ય એક સ્થાયી બિંદુ હોય તો તે સત્ય રહેતું નથી. ત્યારે તે એક અભિપ્રાય માત્ર છે. સત્ય અજ્ઞાત છે અને જો હોય તો તે સત્ય રહેતું નથી. ત્યારે તે એક અભિપ્રાય માત્ર છે. સત્ય અજ્ઞાત છે અને જે મન તેને શોધે છે, તે કદી શોધી શકે નહીં. કારણ કે મન જ્ઞાતનું બનેલું છે, તે ભૂતકાળનું પરિણામ છે. મન સમયનું પરિણામ છે. એ તમે સ્વયં નિરીક્ષણ કરી શકો છો. મન એ તો જ્ઞાતનું હથિયાર છે, તેથી તે અજ્ઞાતને શોધી શકે નહીં; તે ફક્ત જ્ઞાતથી જ્ઞાત તરફ જઈ શકે. જ્યારે મન સત્યને શોધે છે તે સત્ય જે પુસ્તકોમાં વાંચ્યું છે તે. સત્ય મને પોતે પ્રતિપાદિત કરેલું છે. ત્યારે મન ફક્ત જ્ઞાતનું જ અનુસરણ કરે છે. પહેલાના જ્ઞાનથી આ જ્ઞાન વધુ સંતોષજનક છે એવી સમજ છે જ્યારે મન સત્યની શોધ કરે છે તે પોતે ધારણ કરેલા સત્યને શોધે છે. પોતાનું સ્વ કલ્પિત સત્ય છે. તે સત્ય નથી. આખરે કલ્પના સ્વસર્જિત છે. તે કૃત્રિમ એવું માની લીધેલું, ખરું નથી. જે કંઈ ખરેખર છે, તે જે છે એની વિરુધ્ધનું નહીં. પરંતુ મન જે વાસ્તવિકતા ને, જે ઈશ્વરને, શોધે છે તે મન જ્ઞાત ને શોધે છે. જ્યારે તમે ઈશ્વરને શોધો છો તે તમારી કલ્પનાનો ઈશ્વર છે, તમે વિચારેલો ઈશ્વર છે, તે સામાજિક પ્રભાવ પ્રમાણેનું પરિણામ છે. તમે જ્ઞાત વિષે વિચાર કરી શકો છો, અજ્ઞાત વિશે તમે વિચારી શકો નહીં; તમે સત્ય પર ચિત્ત એકાગ્ર કરી શકો નહીં. જે ક્ષણે તમે અજ્ઞાત નો વિચાર કરો છો, તે માત્ર તમારી પોતાની કલ્પનાનું પ્રતિબિંબ છે. ઈશ્વર કે સત્યનો વિચાર કે કલ્પના કરી શકાય નહીં. તેના વિશેનો વિચાર એ સત્ય નથી. સત્યને તમે શોધી શકો નહીં, સત્ય તમારી પાસે આવે છે. તમે જે જાણો છો એની પાછળ જ તમે જઈ શકો છો. જે મન જ્ઞાતથી પીડાતું નથી જ્ઞાતથી પ્રભાવિત નથી. ત્યારે જ સત્ય સ્વયં પ્રગટે છે. સત્ય દરેક પાંદડે પાંદડે છે, સત્ય આંસુ છે તેને ક્ષણે ક્ષણે ઓળખવાનું છે. કોઈપણ તમને સત્ય તરફ દોરી જઈ શકે નહીં, જો કોઈ તમને સત્ય તરફ દોરી જાય તો તમે જે જાણો છો એ તરફ જ દોરી શકે છે.

જે મન જ્ઞાત વગર ખાલી છે ત્યાં જ સત્ય પ્રગટે છે. એ મનની એવી અવસ્થામાં આવે છે જ્યાં જ્ઞાનની ઉપસ્થિતિ નથી, જ્યાં જ્ઞાન કાર્યશીલ નથી. મન એ તો જ્ઞાનનું ગોદામ છે, જ્ઞાતનો અંશ છે. એ માટે મન એવી અવસ્થામાં હોવું જોઈએ કે જેમાં અજ્ઞાત નો પ્રાદુર્ભાવ થાય. તે સ્વયંમાં સભાન હોવું જોઈએ. પોતાના ગમ્ય અને અગમ્ય

અનુભવોથી સભાન હોવું જોઇએ, તેના પ્રતિ થતી પ્રતિક્રિયા અને પ્રતિભાવ બને તેના સ્વરૂપથી પણ સભાન હોવું જોઇએ. જ્યારે સ્વયંની સંપૂર્ણ સમજ હોય છે ત્યારે બધા જ જ્ઞાતનો અંત આવી જાય છે. ત્યારે મન પૂર્ણપણે જ્ઞાતથી ખાલી હોય છે. ત્યારે સત્ય આમંત્રણ સિવાય આવી શકે છે. સત્ય તમારા પર કે મારા પર અવલંબિત નથી. તમે સત્યને આરાધી શકો નહીં, જે ક્ષણે તે જ્ઞાતના ઘેરાવામાં આવે છે ત્યારે તે સત્ય નથી રહેતું. પ્રતિક અને પ્રતિમા સત્ય નથી. જ્યારે સ્વયંના સ્વરૂપની સમજ હોય છે. અહમભાવમાંથી મુક્તિ હોય છે. ત્યારે તે અનન્ય એવા શાશ્વતનો આવિર્ભાવ થાય છે.

*મુક્ત જીવન*, પ્ર. ૩

---

## જે મનુષ્યે સત્યને શોધે છે તેને માટે ગુરુ પૂર્ણપણે અનાવશ્યક છે

*પ્રશ્નકર્તા:* તમે ગુરુની ગરજ નથી એ સ્પષ્ટપણે કહો છો છતાં તમે સ્વયં ગુરુ નથી? અને એમાં શું તફાવત છે?

*કૃષ્ણમૂર્તિ:* મિત્રો, ગુરુ એટલે શું એ વિશે તમારું શું કહેવું છે? તમને ગુરુની આવશ્યકતા શા માટે છે? તમે મને ગુરુ માનો કે ન માનો પણ હું સ્વયંપણે તમારો ગુરુ થવા ચાહતો નથી. શિષ્યો શ્રાપરૂપ છે. શિષ્ય કે અનુયાયી નાશકર્તા હોય છે. શિષ્યો શોષણકર્તા છે. (હસો) આ હસવામાં ના લો. આ બાબતને નિષ્ઠાપૂર્વક વિચારો અને તેના પરિણામ ને નિહાળો. આ પ્રશ્નને આપણે તપાસી જોશું? હવે ગુરુ એટલે શું તમને શું લાગે છે? સામાન્યપણે તમને સૌને એવું લાગે છે કે, જે કોઇ તમને સત્ય સુધી લઇ જાય એ તમારો ગુરુ, એવું નથી? તમારો ગુરુ એવો માણસ નહીં હોય કે જેને તમે સ્ટેશને જવાના રસ્તા વિશે પૂછો. તમે તમારા પ્રાધ્યાપકને, તમને પિયાનો વગાડતા શીખવનાર માણસને તમે ગુરુ માનતા નથી. એનો અર્થ એ થયો કે તમે એ કહેવા માગો છો કે જે તમને સત્ય સુધી લઇ જાય તે જ ગુરુ, જે તમને નીતિ અનીતિના પાઠ શીખવે તે, કે તમને તેની ચાવી આપે કે તમને દરવાજો ખોલી આપે, જે તમારું ભરણપોષણ કરે, જે તમારી બધી ગરજ પૂરી પાડે અને તમને પ્રોત્સાહન આપે તે જ ગુરુ. જે તમને પૂર્ણપણે સમાધાન આપે તે તમારો ગુરુ. ઉપરઉપરના સમાધાન વિશેની તમને આગળથી જ જાણ છે પણ તેથી અધિક ગહનતાપૂર્વકના સમાધાનની ગરજ છે સંપૂર્ણપણે તૃપ્તિ. ત્યારે તમે એવી વ્યક્તિ તરફ વળો છો કે જે તમને મદદ કરે. તમે ગુરુને શોધો છો કારણ કે તમે સ્વયંમાં એટલાં બધા ગૂંચવાયેલા છો કે તમને માર્ગદર્શન જોઇએ છે. શું કર્મ કરવું ને શું ન કરવું તે વિશે તમને કોઇ કહેવાવાળું હોવું જોઇએ, આ બધી જ બાબતો એમાં સમાવિષ્ટ છે. મૂળભૂતપણે આપણું કહેવું એ છે કે જે કોઇ આપણા જીવનની સમસ્યાનો ઉકેલ આપે. તાંત્રિક સમસ્યા નહીં. પરંતુ અધિક સૂક્ષ્મ માનસિક સમસ્યા.

હવે, સત્યનું એવું કોઇ ચિરંતર સ્થાન છે ખરું? સત્યનું કોઇ એવું નિશ્ચિત કેન્દ્ર છે ખરું? કે સત્ય એ ચૈતન્યશીલ, જીવંત વસ્તુ છે. માટે તેનું કોઇ વિશ્રાંતિ સ્થળ નથી હોતું? સત્ય સતત ગતિશીલ છે, પણ જો તમે એમ કહેતા હોવ કે તે એક નિશ્ચિત બિન્દુ છે. ત્યારે તમારે ગુરુની આવશ્યકતા છે જે તમને તે બિન્દુ સુધી લઇ જઇ શકે. તમને ત્યાં જવાનું માર્ગદર્શન કરે. એનો અર્થ એવો થાય કે તમને અને તમારા ગુરુને તમને બન્ને ને એની ખબર હોવી જોઇએ કે સત્ય ત્યાં છે, એક નિશ્ચિત સ્થાન જેમ કે રેલ્વે સ્ટેશન હોય છે તેવું. ત્યારે તમે તેનો માર્ગ પૂછી શકો અને તે નિશ્ચિત સ્થાન પર તમે જઇ શકો. અને તે ધ્યેયને સાધ્ય કરવા તમને ગુરુની આવશ્યકતા છે, જે તમને માર્ગદર્શન કરી તમને ત્યાં લઇ જઇ શકે. પરંતુ સત્ય એવી કોઇ નિશ્ચિત વસ્તુ છે ખરી? અને જો તે નિશ્ચિત વસ્તુ હોય તો તે શું સત્ય હોઇ શકે? જો તમને સત્ય જોઇતું હોય અને તે માટે તમે ગુરુ પાસે જાઓ, ત્યારે તમને સત્ય શું છે એની જાણ હોવી જોઇએ, બરોબરને? જ્યારે તમે ગુરુ પાસે જાવ છો ત્યારે તમે એમ કહેતા નથી કે મારે સત્ય શોધવું છે. ઉલટાનું તમે એમ કહો છો કે સત્યનું દર્શન કરવા માટે મને મદદ કરો. આથી સત્ય શું છે એની ખબર તમને પહેલેથી જ છે. તેમના સ્વરૂપની તમને ખબર છે, તેનું સૌંદર્ય, તેની પ્રેમાળતા, તેની સૌરભની તમને ખબર છે. તે શું છે એનું તમને જ્ઞાન છે? જે માણસ પોતે જ અસ્પષ્ટ અને ગૂંચવાયેલો છે તેને સ્પષ્ટ એવી ખબર ક્યાંથી હોય? તેને ફક્ત ભ્રામિક ખબર હોય છે. અથવા જે છે એની વિરુધ્ધમાં, તે અસ્પષ્ટ એવો તે વિચાર કરે છે. શું સત્ય જે છે તેની વિરુધ્ધમાં છે? ગૂંચવડાની વિરોધમાં છે? જો તમે સત્ય વિશે વિચાર કરો તો એ ચોક્કસ છે કે તે સત્ય તમારા વિચારનું જ નિર્માણ છે; માટે તે સત્ય નથી અને જ્યારે ગુરુ સત્ય શું છે એવું કહી શકતા હોય તો તે સુધ્ધા વિચારની કક્ષામાં જ છે. આથી ગુરુ તમને જે કંઇ કહે છે તે સત્ય નથી. પણ જ્યારે તમે ગુરુ પાસે જાઓ છો ત્યારે તમે એક પ્રકારનું માનસિક સમાધાન મેળવવા માટે જાઓ છો, બરોબરને? એ શબ્દ કદાચિત તમને ગમે નહીં. તમે અનેકવિધ પ્રયત્ન કર્યા હશે, સમાધાન માટે તમે પૈસા, સ્ત્રી, પ્રતિષ્ઠા વગેરે અનેક બાબતોના સહવાસમાં તમે અખતરા કર્યા હશે. પરંતુ તે તમને સમાધાન કે સુખ આપી શકતા નથી, તે તમને ખાત્રીપૂર્વકનું સુખ આપી શકતા નથી. શાશ્વતતા નથી મળતી. ત્યારે તમે ઈશ્વરની શોધ તરફ વળો છો એનો અર્થ એમ કે તમને લાગે છે કે, સત્ય તમને પરમ શાશ્વતી અને શાંતિ આપશે, અંતિમ સુરક્ષિતા આપશે. તમને સત્ય આવા પ્રકારનું હોય એ ગમે છે. પરંતુ સત્ય ખરેખરમાં ધોકારૂપ છે, તે વિધ્વંસ કરનારી બાબત હોઇ શકે. તે કદાચિત બધા જ જૂના મૂલ્યને નષ્ટ કરે. ખરેખરમાં તમે સંતોષ અને સમાધાનને શોધો છો. પરંતુ તમે તેવું કહેતા નથી. પરંતુ તેને ઈશ્વર કહી ઢાંકપિછોડો કરો છો કે પંપાળો છો. સમાધાન અને સંતોષ માટે અનેક પ્રયત્ન કર્યા પછી તમે વૃધ્ધ થાવ છો. સંભ્રાત, ચીડિયા સ્વભાવના, નિરાશા અનુભવો છો ત્યારે તમે દેવના સાનિધ્યમાં સુખ અને સમાધાનની અપેક્ષા રાખો છો. અને તમે ગુરુ તરફ વળો છો કે જે તમને આવું સમાધાન આપશે એવી આશા સેવો છો. અને તે સમાધાન અને સંતોષના જેટલા અધિક આશ્વાસન આપે છે, તેટલી અધિક તમે તેની પૂજા કરો છો. બીજા શબ્દોમાં કહીએ કે જ્યારે તમે ગુરુ પાસે જાવ છો ત્યારે તમે સત્યને શોધતા નથી, પરંતુ તમે એક જુદા સ્તરે સુરક્ષિતતાને શોધો છો, એક જુદા જ કેન્દ્ર પર શાશ્વતતા શોધો છો. પરંતુ સત્ય શાશ્વત છે ખરું? તમને એની ખબર નથી , બરોબર? પરંતુ એવું કહેવાની તમારામાં હામ નથી, શાબ્દીક રીતે પણ તમો તે જાણવા માટે પૂછતા નથી, પણ ખરેખરમાં તમે જાણતા નથી કે તે ઉજ્જડ કરનારો અનુભવ છે. પણ સત્યને શોધી કાઢવા માટે તમારે ઉજ્જડ થવાની ચોક્કસ પણે આવશ્યકતા

છે, તમે અનિશ્ચિતતાની અવસ્થામાં હોવા જોઇએ. પૂર્ણપણે નાસીપાસ થયેલા, ભાગી છૂટવાના કોઇપણ માર્ગ વગરના કે જ્યાંથી તમે ભાગી જઇ શકો. તમારે એ ખાલીપાનો ભાગી છૂટ્યા વગર સામનો કરવો જોઇએ. ત્યારે જ તમે સત્ય શું છે એ શોધી શકો. પરંતુ સત્ય વિશે કલ્પના કરવી કે વિચારવું એ સત્ય ને નકારવા બરોબર છે. સત્ય વિશેની તમારી વિચારધારા અને કલ્પનાનું કોઇ જ મૂલ્ય નથી. તમે જે વિચારો છો તે વિચારનું જ સર્જન છે, અને વિચાર એ સ્મૃતિ છે. અને સ્મૃતિ એટલે આપણે ઇચ્છેલા પરિણામની સાથે એકરૂપ થવું. તેથી, જે માણસ સત્યને શોધે છે, તેને માટે ગુરુ સંપૂર્ણપણે અનાવશ્યક છે. સત્ય ક્યાંક દૂર નથી; સત્ય નજીકમાં જ છે, તમે જે કંઇ વિચારી રહ્યા છો તમે જે કંઇ ભાવના કરો છો તેમાં જ સત્ય રહેલું છે, કુટુંબ સાથેના તમારા સંબંધમાં, તમારા પડોશી સાથેના સંબંધમાં તમારી માલ મિલ્કતના સંબંધમાં અને તમારી કલ્પનાઓમાં કલ્પિત ક્ષેત્રમાં સત્યને શોધવું એ એક કલ્પના વિલાસ છે અને આપણામાંથી મોટાભાગના લોકો જીવનની વાસ્તવિકતાથી ભાગી છૂટવા માટે આ રીતે સત્યની શોધ કરતા હોય છે. આપણા માટે જીવન ઘણું ભારરૂપ, કષ્ટદાયી અત્યંત દુ:ખમયી બની ગયું છે. માટે આપણે જીવનથી દૂર એવા સત્યને શોધીએ છીએ. તેથી કરીને આપણે ગુરુને શોધીએ છીએ કે જે આપણને ભાગી છૂટવા માટે મદદ કરે. ભાગી છૂટવા માટે જેટલા વધુ રસ્તા બનાવે તેટલા વધુ આપણે ગુરુ આશક્ત બનીએ છીએ.

પ્રશ્નકર્તા મને પૂછે છે કે તમે સ્વયંમાં ગુરુ નથી? તમે મને ગુરુ કરી શકો છો, પણ હું ગુરુ નથી. મારે ગુરુ થવું નથી એનું સરળ કારણ એ છે કે સત્ય તરફ જતો કોઇ માર્ગ જ નથી. અને તમે પણ માર્ગ શોધી શકો નહીં. કારણ ત્યાં કોઇ માર્ગ જ નથી. સત્ય એવી બાબત છે, જે જીવંત છે, આવી જીવંત બાબતના કોઇ માર્ગ નથી. મૃત અને સ્થાયી બાબતનો માર્ગ હોઇ શકે. સત્ય માર્ગવિહીન છે, એ શોધવા માટે તમારે સાહસી થવાની જરૂર છે. ધોકાંના સામનો કરવા તમારે સજ્જ થવું પડે. શું તમને એવું લાગે છે કે ગુરુ તમને સાહસી થવા માટે સંકટો સામે સજ્જ થવા મદદ કરશે? ગુરુ શોધવાનો અર્થ એ જ સૂચન કરે છે કે તમે સ્વયંમાં સાહસી નથી, તમે ફક્ત સુરક્ષાના હેતુ સર સત્યના માર્ગને શોધો છો. તમે ઇચ્છો તો તમે મને ગુરુ બનાવી શકો પણ એ તમારા માટે દુ:ખદાયી હશે. કારણકે સત્ય માટે કોઇ ગુરુ નથી. વાસ્તવિકતા કે સત્યને સમજવા માટે કોઇ રાહબરની આવશ્યકતા નથી. ચિરંતર સત્ય વર્તમાનમાં છે. ભવિષ્યમાં નથી, એ તો તત્કાળની ક્ષણોમાં વર્તમાનમાં છે. તે આવતી કાલના અંતિમ માં નથી. આ ક્ષણે તેની અનંતતા સમજવા માટે, મન ચોક્કસપણે સમય અને વિચારથી મુક્ત હોવું જોઇએ. અત્યારે તમે જે કંઇ કરી રહ્યા છો તે તમારા મનને કેળવી રહ્યા છો તેને બધ્ધ કરી રહ્યા છો તેથી કરીને મન કદી પણ તાજું રહેતું નથી. નવું નથી, શાંત એવી એક પણ ક્ષણ નથી જ્યાં સુધી વિચારની પ્રક્રિયા કાર્યરત હોય છે ત્યાં સુધી હોતું નથી. એનો અર્થ એવો નથી કે તમે તદ્દન વિસ્મૃતિની અવસ્થામાં હોવા જોઇએ. તમે બળજબરીપૂર્વક શાંતિ લાવી શકો નહીં, તમે મનને શાંત કરી શકો નહીં, તમે શક્તિથી વિચારને અટકાવી શકો નહીં. તમારે ચોક્કસપણે વિચારની પ્રક્રિયાને સમજવી જોઇએ અને વિચારથી પર થવું જોઇએ. ફક્ત ત્યારે જ સત્ય વિચારોની પોતાની પ્રક્રિયાથી મુક્ત થશે.

*To Be Human*, પુણે, પ્રવચન ૬

---

# તે જે કંઇ કહે છે તેના વિશે આશંકા રાખવી

જ્યારે ગુરુ કહે છે તેને ખબર છે. તો એ જાણતો નથી, બરોબર? હું જે કહું છું તે તમને સમજાય છે? જ્યારે ગુરુ કે માણસ ભલે તે પૂર્વનો કે પશ્ચિમનો હોય અને એમ કહે કે મેં મુક્તિ (સત્યનું જ્ઞાન) પ્રાપ્ત કરી છે. પરંતુ મુક્તિ એ પ્રાપ્ત કરવાની બાબત નથી એ કંઇ એવું નથી કે જે તમે એક એક પગથિયું ચઢીને તે સીડી ચઢો. આ બાબતને સૌ પ્રથમ તમારે સમજવી જોઇએ; આ મુક્તિ સમયના હાથની નથી. હું શું કહું છું તે તમને સમજાય છે? એટલે કે, હું અજ્ઞાની છું પણ હું એ જ્ઞાન પ્રાપ્ત કરીશ, જો હું આ બધી બાબતો કરું, તો હું મુક્તિની પાસે આવીશ. એ શબ્દનો જે કંઇ અર્થ થતો હોય. બરોબર? આથી સમય શું છે? અહીં આગળથી બીજા સ્થળે જવા માટે ભૌતિક સમયની આવશ્યકતા છે. કિંતુ માનસિક સ્તરે સમયની આવશ્યકતા છે ખરી? આપણે એ બાબત સ્વીકારી છે, એ આપણી સંસ્કૃતિ અને કેળવણીનો એક ભાગ છે. હું આ છું પણ હું પેલો બનીશ. તમે જે કંઇ થવા માગો છો એ કદી જ ઉદ્દ્ભવતું નથી કારણકે જે છે એને તમે સમજ્યા નથી કે તેનું વિસર્જન કર્યું નથી. 'જે છે' એની સમજ તત્કાળમાં હોય છે. તમારે તેનું પૃથ્થકરણ કરવાનું નથી, કે બધા પ્રકારની યાતનામાંથી પસાર થવાનું નથી. અરે, ભગવાનની ખાતર, આ બધું ઘણું બાલિશ છે!

તે મુકિત (સત્યનું જ્ઞાન) આ શબ્દ મને સ્વગત વાપરવો ગમતો નથી કારણકે એ શબ્દને ગુરુઓએ ભારેખમ બનાવી દીધો છે. તે વિશે શું બોલી રહ્યા છે તેનું તેઓને ભાન નથી. એમ નહીં કે મને ખબર છે અને તેઓને કંઇ ખબર નથી એવું કહેવું એ મારી મુર્ખામી છે. મુક્તિ પ્રાપ્તિ વિશે તેઓ જે કંઇ કહી રહ્યા છે તેમાં શું સમાયેલું છે તે હું જોઇ શકું છું, તેઓ ટપે ટપે પ્રયત્ન કરી તેને મેળવવાની વાત કરે છે. આથી તમારું મગજ મંદ બની જાય છે. યંત્રવત બની જાય છે. જડ બની જાય છે.

સજ્જનો સર્વ પ્રથમ એ બાબત છે, કે પૂર્વના કે પશ્ચિમના ગુરુઓ જે કંઇ કહી રહ્યા છે તે પ્રતિ આશંકા રાખવી જોઇએ. વક્તા સહિત. કારણકે આ બાબતમાં હું ઘણો સ્પષ્ટ છું. એનો અર્થ એવો નથી હું જ માત્ર સમજદાર વ્યક્તિ છું તે એક મુર્ખતા છે. મન બધા જ આધિપત્યથી, અનુશરણથી, શિષ્યત્વથી અને પ્રમાણોથી મુક્ત હોવું જોઇએ તમે સમજ્યા?

તેથી આ ગુરુઓ જે કંઇ કહે છે તે સત્ય છે એ આપણે કેવી રીતે જાણી શકીએ? તમે તમારા સ્થાનિક પૂજારી (ગુરુ) અને પાદરી, દેવળના ધર્માધ્યક્ષ અને પૉપ તેઓ જે કહે છે તે સત્ય છે એ કેવી રીતે જાણી શકીએ? ભારતની બહાર ગયા વગર, નવા ગુરુનો સ્વીકાર કરતા તે જે કહે છે તે સત્ય છે કે નહીં. તે કેવી રીતે સમજી શકો? સજ્જનો કૃપા કરી જુઓ આ ઘણું અગત્યનું છે ક્યાંક તે બધા કોઇ પ્રકારની છેતરપીંડી કરી રહ્યા છે કે તેમ કરવાને બધ્ધ છે, એનો અર્થ તેઓ પૈસા, પ્રતિષ્ઠા, આધિપત્ય અને તમને દીક્ષિત કરવા માટે રોકાયેલા છે, એવા બધા માટે. અને તમે જો તેઓ ને સવાલ કરો ને પૂછો, તમે તેનો શું અર્થ કરો છો? શા માટે તમે તમારી જાતને આધિપત્યમાં મૂકો છો? તમને સમજાયું? તેમને સવાલ કરો, તેઓ જે કંઇ કહે છે તે પ્રત્યે જો આશંકા દાખવો અને તમને એ દેખાઇ આવશે કે તેઓ તમને બહાર ધકેલી દેશે.

એક વખત વક્તાની સાથે એક પ્રસંગ બન્યો હતો એક પ્રસિધ્ધ ગુરુ વક્તાને મળવા આવ્યા હતા. હું તમને કહું છું કે આધિપત્ય કેવું હોય છે. પછી તેણે કહ્યું 'તમે તો ગુરુઓના ગુરુ છો.' (હાસ્ય).

તમે જે કહો છો તે પ્રમાણે જીવન જીવો છો તમે જે કંઇ કહી રહ્યા છો તે સત્ય છે. તેમણે વાંકાવળી નમન કર્યું, મારા ચરણોનો સ્પર્શ કર્યોને ઘુંટણીએ પડયા. અને તમને ખબર છે, તે શું કહેવા લાગ્યા મને અનુસરતા ઘણાં બધા શિષ્યોનો હું ગુરુ છું. મેં એક શિષ્યની સાથે શરુઆત કરી હતી અને આજે મારા હજાર કરતા વધુ શિષ્યો છે. પશ્ચિમ અને પૂર્વના દેશોમાં ખાસ કરીને પશ્ચિમના. હવે હું તેઓથી અલગ થઇ શકું એમ નથી. તેઓ મારા અંશ સમાન છે હું તેઓના અંશ સમાન છું. ''તેઓએ મને ઘડયો છે અને મેં તેઓને ઘડિયા છે.'' તમને સમજાયું? ધ્યાનથી સાંભળો. શિષ્યો ગુરુનું સર્જન કરે છે, અને ગુરુ શિષ્યોનું સર્જન કરે છે. હવે હું તેમને છોડી શકું નહીં. આમ અધ્યાત્મમાં આધિપત્ય ધીમે ધીમે સ્થાયી થયેલું છે. તેમાં રહેલું જોખમ તમને સમજાય છે? મન અને હૃદયના શ્રેત્રમાં જ્યારે સત્તાનું આધિપત્ય હોય છે ત્યારે ત્યાં પ્રેમનું અસ્તિત્વ નથી હોતું. ત્યાં નકલી પ્રેમ હોય છે. ત્યાં ભાવના, કાળજી અને પ્રેમની ગહનતા નથી.

સત્યને શોધો નહીં પણ સવાલ કરો કે કોણ સત્ય બોલે છે. કારણકે સત્ય એવી વસ્તુ નથી કે જેની પાસે તમે જઇ શકો, સત્યનો આવિર્ભાવ ત્યારે જ થાય છે જયારે મન આવી બાબતોથી પૂર્ણપણે મુકત હોય, અને ત્યારે જ તમારી અંદર કરુણા અને પ્રેમ હોય છે, તમારા ગુરુ પ્રત્યેનો પ્રેમ નહીં, તમારા કુટુંબ પ્રત્યેનો પ્રેમ નહીં. તમારા આદર્શો, તમારા તારણહાર કે તમારા ગુરુ પ્રત્યેનો પ્રેમ નહીં. પ્રેમને હેતુ નથી, પ્રેમ પ્રજ્ઞા દ્વારા કાર્યરત થાય છે. સત્ય એવી વસ્તુ નથી જે તમે બીજા પાસેથી ખરીદી શકો!

સજ્જનો, તેઓ એમ કહે છે, પશ્ચિમના અને પૂર્વના બંને ગુરુઓ. પ્રાચીન સૂત્ર છે કે તમે સ્વયં તમારા દીપક બનો. એ સૂત્ર ઘણું જાણીતું છે. ભારતમાં તેઓ તેનું રટણ કરે છે. ને સાથે એમ પણ કહે છે તમે સ્વયં દીવો ના બની શકો જ્યાં સુધી ગુરુ તમને પ્રકાશ આપે નહીં, બરોબર? તમને ખબર નથી, તમે સૌ સહેલાઇથી છેતરાઇ જાવ છો, આ બધામાં ખોટું શું છે તે તમને સમજાતું નથી. તમને કંઇક જોઇએ છે વૃધ્ધોને તેમજ યુવાનોને, યુવાન વર્ગને આ જગત ઘણું ક્રુર લાગે છે, અતિ હૃદયદ્રાવક છે. જૂની પેઢીના લોકોએ આ જગતને કેવું બનાવી દીધું છે એ જગતમાં તેઓ માટે ક્યાંયે કોઇ સ્થાન નથી. તેઓ નાસીપાસ થઇ ગયા છે, તેથી તેઓ માદક પદાર્થ અને પીણાનું સેવન કરે છે, યુવા બિરાદરીમાં આવું ઘણું કંઇ ઘટી રહ્યું છે જેમ કે શારીરિક વાસના. તેઓમાં એક પ્રકારનો અભાવ પેદા થયો છે. ભારતમાં તેઓ કોઇકને શોધી રહ્યા છે કે તેઓએ શું કરવું એ વિશે કાઇ કહ ક જના ઉપર તઆ વિશ્વાસ ધરાવી શકે. અને તમે ત્યાં જાઓ છો, યુવાન, તાજા તંદુરસ્ત જે કંઇ જ જાણતા નથી અને ગુરુ તેઓમાં એવી ભાવના જગાડે છે તેઓનું ધ્યાન રાખવામાં આવશે, રક્ષણ કરવામાં આવશે. દોરવણી આપવામાં આવે છે. આ બધું તેઓ ચાહતા હોય છે. તેઓને તેમના માબાપ તરફથી માર્ગદર્શન મળતું નથી. સ્થાનિક પાદરી પાસેથી મળતું નથી. માનસશાસ્ત્રી અને મનોવૈજ્ઞાનિક પણ તેમના જેટલા જ ગૂંચવાયને મૂંઝાયેલા છે. તેથી તેઓ ત્યાંથી (પશ્ચિમમાંથી) ભાગી જોખમી દેશમાં આવે છે, કે જે દેશ ભારત છે. અને અહીં તેઓ આશ્વાસન, દિલાસો શોધે છે તેઓને એવું કહેનારો જોઇએ છે. હું તમારી પાછળ છું. હું તમારા માટે જવાબદાર છું. તમે આ કરો કે તમે પેલું કરો. અને તેઓનો એ ઘણું ગમે છે. આનંદદાયી લાગે છે. એ અવસ્થા, અને તેઓ એમ પણ કહે છે તમને જે ગમે તે કરો સંભોગ, માદકપીણા વગેરે જે કરવું હોય તે કરો.

અને જૂની પેઢીના લોકોની અવસ્થા પણ લગભગ આવી જ છે. ફક્ત તેઓ કંઇ કૃત્રિમતાપૂર્વક વ્યવહાર કરે છે. પરંતુ તેઓ બંને એક સરખા છે, ઘરડાં અને જુવાન. જગતમાં આવું બધું સદાથી ચાલતું આવ્યું છે એ તમે જોઇ શકો છો. આ માટે તમારે પ્રચંડપણે એકલા હોવું જોઇએ. અને એ બાબત ઘરડાં અને જુવાન બંનેને ઘણી ભયજનક લાગે છે. અને જો તમે જે કંઇના આધારે રહો છો. જે કોઇનું અનુસરણ કરો છો ત્યારે તમે ભ્રષ્ટાચારમાં પ્રવેશ કરો છો. તમે ગહનતાપૂર્વક આ વાસ્તવિકતા સમજો તમારી આંખોમાં આંસુ સાથે. તમને સમજાય છે? અને ત્યારે ત્યાં ગુરુનું અસ્તિત્વ નથી હોતું. ના શિક્ષક, ના વિદ્યાર્થી કે અનુયાયી ત્યારે ફક્ત તમે એક માનવી તરીકે જીવો છો. સમાજમાં, જગતમાં, કે જેનું સર્જન તમે જ કર્યું છે. તમે જો તમારા સ્વયંની અંદર કંઇ જ ના કરો. સમાજ તમને મદદ કરવા આવવાનો નથી. ઉલટાનું સમાજ તો એ ચાહે છે કે તમે જેવા છો તેવા રહો. શું તમને આ બધું સમજાય છે? તેથી કશા પર અવલંબિત રહો નહીં. કોઇ સંસ્થા પર કે સંગઠન પર આધારિત રહો નહીં. કોઇને અનુસરો નહીં, તમે કોઇના અનુયાયી નથી, પણ તમે એક માનવી છો કે જે આ ભયાનક જગતમાં જીવે છે. તમે એક માનવી તરીકે આ જગતમાં છો અને તમે જ જગત છો. અને જગત એ તમે જ છો તમારે આ વિશ્વમાં રહેવાનું છે એ સમજો અને તમારા સ્વયંથી(સ્વથી) પર થાવ.

*સાનેન ૧૯૮૦*, પ્રશ્નોત્તર સભા ૧

---

## હૈદ્રાબાદ સ્થિત અધ્યયન કેન્દ્ર

**'નૈમિષિમ્'** જિદ્દુ કૃષ્ણમૂર્તિ સેન્ટર, એ આંધ્રપ્રદેશમાં આવેલ કોંડાપૂર ગામમાં ઘાટકેસરમાં હૈદ્રાબાદથી લગભગ ૧ કલાકના અંતર પર પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. ખેતર, ટેકરી, તળાવ વગેરેથી આચ્છાદિત લગભગ ૨૫ એકર જમીન પર ઉભારવામાં આવ્યું છે. રમ્ય એવું કુદરતી વાતાવરણ ત્યાં ઉપલબ્ધ છે. સ્વયંમાં ચિંતનમનન માટે કરવા ઇચ્છતી વ્યક્તિ માટે ઘણું ઉત્તમ સ્થાન છે.



અહીં કૃષ્ણમૂર્તિના પુસ્તકો, સીડી, ડીવીડી વગેરેથી સજ્જ એવી લાયબ્રેરી છે. અભ્યાસકના રહેવા માટે નાની રૂમ તેમજ કુટીરની વ્યવસ્થા કરવામાં આવી છે. અભ્યાસકની આવશ્યકતા પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે છે. દા.ત. કોઇ વિશિષ્ટ વિષયનો અભ્યાસ, પૂર્ણપણે મૌન રહેવા માટે એકાંત તેમજ દરરોજ કોઇ ચોક્કસ કામ માટેની વ્યવસ્થા કરી આપવામાં આવે છે.

અહીં આગળ નિયમાનુસાર, કાર્યશાળા, નાના ગ્રુપમાં ચર્ચા વિચારણા યોજવામાં આવે છે.

અહીંના વાતાવરણની શાંતિ મૌનમાં રહેવા માટે ઘણી ઉપયુક્ત છે. અહીં સંપર્ક માટે :

નૈમિષિમ્ જિદ્દુ કૃષ્ણમૂર્તિ સેન્ટર,<br>
ઘાટકેસર, કોંડાપૂર, આંધ્રપ્રદેશ ૫૦૧૩૦૧.<br>
ટે.નં. (૦૪૦) ૨૩૩૫૭૮૮૯. Email : office@jkcentre.org

# વૃ|ત્ત|વિ|શે|ષ

## શ્રધ્ધાસુમન

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈંડિયા, મુંબઈના સેક્રેટરી શ્રી આર. આર. ચારી તા. ૧૨.૮.૨૦૧૧ના દિને ટુંકી માંદગી બાદ ચૈનેઈમાં  દિવંગત થયા. તેઓ ૮૪ વર્ષના જૈફ ઉંમરના હતા. દિવંગતને તારીખ ૨૬.૮.૨૦૧૧ રોજે તેમના પરિવાર, મિત્રો અને ફાઉન્ડેશન તરફથી મુંબઈમાં નહેરુ સેન્ટરમાં શ્રધ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા.

મિત્રો, બાગમાં ફરીએ છીએ ત્યારે આપણને બે પ્રકારના પુષ્પો નજરે પડે છે. એક એવા પુષ્પો જે ઘણાં સુંદર દેખાતા હોય છે. પણ તેમાં સૌરભ નથી હોતી ને બીજા એવા ફૂલો પણ નજરે પડે છે જેમાં સૌરભ અને સુંદરતાનો સમન્વય છે. સમાજ વાટિકામાં શ્રી આર. આર. ચારી બીજા પ્રકારના પુષ્પ જેવા હતા. શ્રી ચારી એકાકી એવા અપરણિત વ્યકિત હતા છતાં તેમણે પોતાના અંગત જીવનમાં ''વસુધૈવ કુટુમ્બકમ''ની ભાવનાને મહત્તમ સ્થાન આપ્યું હતું. આથી પોતાના અંગત પરિવાર કરતા પણ મિત્રોનો એક મોટો પરિવાર હતો. તેઓ ઘણા મિતભાષી અને દીર્ઘ દ્રષ્ટિ ધરાવતા હતા. તેમના જીવનમાં શ્રી રમણ મહર્ષિ અને જે. કૃષ્ણમૂર્તિનું સ્થાન આગવું હતું. તેમના શિક્ષણને તેમણે પોતાના જીવનમાં તાદશ કર્યુ હતું. તેઓ સરકારી તંત્રમાં ઈન્કમટેક્ષ કમિશનર તરીકે ના પદ પર કાર્ય કરતા હતા અને એ પદને નિષ્ઠા અને નિર્વિકારપણે શોભાવ્યું. કમિશનર તરીકે તેમને ભારતમાં અનેક રાજ્યમાં કાર્ય કરવું પડયું, આના કારણે તેમનું મિત્ર મંડળ પણ ઘણું વિકસિત થયું હતું. પોતાની સાથે કાર્ય કરતા કર્મચારી સાથે સામાન્ય કક્ષાના કર્મચારી અને ઉચ્ચકક્ષાના કર્મચારી જોડે તેમનો અભિગમ માનવતાપૂર્વકનો અને પ્રેમ સભર હતો. તેમને શ્રધ્ધા સુમન અર્પણ કરવા આવેલા તેમના મિત્રો અને સહકર્મચારી દ્વારા તેમના જીવનના અનેક પાસાની જાણકારી મળી, તેઓ પોતાની આવકનો મોટો ભાગ લોકોને સહાય કરવા માટે વાપરતા. તેઓ લોકોને સહાય કરતી અનેક સંસ્થા સાથે જોડાયેલા હતા. તેઓ સ્વયંમાં ઘણાંજ સ્વાશ્રયી હતા અને બને ત્યાં સુધી અન્યનો આધાર લેતા નહીં. એકાકી હોવા છતાં નિરસ ન હતા પણ કલા અને સંગીતના ઘણાં જ શોખીન હતા. રસોઈ શાસ્ત્રનું જ્ઞાન પણ તેમને સારું હતું. તેઓ લક્ષ્મીના સંગ્રાહક નહતા પણ પોતાની પાસે આવતી લક્ષ્મીને સદા વહેતી રાખતા તુલસીદાસની ઉક્તિ પ્રમાણે



''પાની બાઢે નાવ મેં, ઘરમેં બાઢે દામ,
દોનોં હાથ ઉલેચીએ, યહીં સજ્જનકા કામ.''

એ એમનું જીવન સૂત્ર હતું. તેઓ જે કાર્ય હાથમાં ધરતા તેને નિષ્ઠાથી અને પ્રેમપૂર્વક પાર પાડતા. તેઓ ૧૫ વર્ષ સુધી કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન મુંબઈના સેક્રેટરીપદ પર રહ્યા ને મુંબઈમાં ફાઉન્ડેશનના થતા કાર્યક્રમોને ઘણી સુંદર રીતે પાર પાડયા, ગુજરાતી અને મરાઠી ભાષામાં કૃષ્ણજીના અનુવાદિત પુસ્તકોના પ્રકાશનને તેઓ સદા પ્રોત્સાહન આપતા રહ્યા અને કાર્યને ગતિશીલ રાખ્યું. તેમની કાર્ય કરવાની નિષ્ઠાનું બીજું ઉદાહરણ. ''આનંદ વિહાર'' બદલાપુરમાં સ્થિત કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર જે આર્થિક ભંડોળ અને યોગ્ય માર્ગદર્શન વગર થંભી ગયું હતું તે કાર્ય માટે અનેક જગ્યાએથી આર્થિક સહાય મેળવી અને પોતાની આગવી સૂઝ પ્રમાણે તે કાર્યને પૂર્ણતા આપી. જીવનના અંત સુધી 'આનંદ વિહાર' કેન્દ્ર પર ધ્યાન આપતા હતા.

આમ શ્રી આર. આર. ચારી સાહેબનું જીવન વિવિધલક્ષી હતું. લોકોમાં રહેતા લોકો સાથે ભળતા પણ સ્વયંમાં અલ્પિત એવા એકાકી વ્યક્તિત્વ ધરાવતા હતા. જાણે કે 'પાણીની અંદર તેલના ટીપાં જેવા રહેતાં' એક ઉમદા કોટીના તેઓ માનવી હતા. આવી ઉમદા વ્યક્તિની ઉણપ ફાઉન્ડેશન અને તેમના મિત્રોને સદા ખોટરૂપ રહેશે. આવા કર્મયોગી માનવીના જીવનને સમજી આપણે પણ આપણા જીવનને સમજી સાચા કર્મયોગી બનીએ એજ એમને માટે શ્રધ્ધાંજલી છે.

## ગુજરાતી પુસ્તકોની નવી આવૃત્તિ




પ્રિય વાચકો, અમને જણાવતા આનંદ થાય છે કે જે. કૃષ્ણમૂર્તિ સાથે લોકોના સવાલ જવાબ ના બે પુસ્તકો 'ચિતદર્શન' અને 'સતદર્શન' ની ત્રીજી આવૃત્તિ આ વર્ષના નવેમ્બર મહિનાના અંતમાં ગૂર્જનગ્રંથ કાર્યાલય દ્વારા નવા ક્લેવર સાથે પ્રકાશિત કરવામાં આવશે. આ બંને પુસ્તકોમાં કૃષ્ણમૂર્તિને વિશ્વભરમાંથી અનેક લોકો એ જીવન અને અધ્યાત્મ વિશે ૧૯૩૩ થી ૧૯૫૪ દરમિયાન પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરને સંગ્રહીત કરવામાં આવ્યા છે. આ પુસ્તકોનો અનુવાદ શ્રી હીરાલાલ બક્ષી કર્યો.  મનુષ્ય ના માનસ પર છવાયેલા આ જુગ જૂના પ્રશ્નો આજે પણ તેમના માનસપર ઉપસ્થિત છે. એના ઉત્તર કૃષ્ણજીએ ઘણી જ ગહનતાથી આપ્યા છે. જીવનને સમજવાની જેના હૃદયમાં જિજ્ઞાશા છે એમણે આ પુસ્તકો વાચવાની આવશ્યકતા છે.

ગુજરાતના મુખ્ય શહેર અને તાલુકા ના પુસ્તકાલયો માં કૃષ્ણમૂર્તિ ના પુસ્તકોની ભેટ. કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડીયા તરફ ગુજરાતમાં અનેક શહેરની જાણીતી લાયબ્રેરીમાં પુસ્તકો આપવામાં આવ્યાછે તેમાં કેટલી લાયબ્રેરી ની નામાવલી નીચે પ્રમાણે છે.




૧. અમદાબાદ ગવર્મેન્ટ ડિસ્ટ્રીકટ લાયબ્રેરી
૨. ગુજરાત યુનિવર્સીટી લાયબ્રેરી
૩. કૃષ્ણમૂર્તિ સ્ટડી સેન્ટર, અહમદાબાદ
૪. અમરેલી ગવર્મેન્ટ ડિસ્ટ્રીકટ લાયબ્રેરી
૫. બનાસકાંઠા ડિસ્ટ્રીકટ લાયબ્રેરી
૬. ભરૂચ ગવર્મેન્ટ ડિસ્ટ્રીકટ લાયબ્રેરી
૭. ભાવનગર ગવર્મેન્ટ ડિસ્ટ્રીકટ લાયબ્રેરી
૮. દારોદ ગવર્મેન્ટ ડિસ્ટ્રીકટ લાયબ્રેરી

૯. જામનગર ગવર્મેન્ટ ડિસ્ટ્રીકટ લાયબ્રેરી
૧૦. જૂનાગઢ ગવર્મેન્ટ ડિસ્ટ્રીકટ લાયબ્રેરી
૧૧. ખડો ડિસ્ટ્રીકટ લાયબ્રેરી
૧૨. ભૂજ ડિસ્ટ્રીકટ લાયબ્રેરી
૧૩. રાજપિપળા ડિસ્ટ્રીકટ લાયબ્રેરી
૧૪. સૂરત ડિસ્ટ્રીકટ લાયબ્રેરી
૧૫. રાજકોટ ડિસ્ટ્રીકટ લાયબ્રેરી
૧૬. પોરબંદર ગવર્મેન્ટ ડિસ્ટ્રીકટ લાયબ્રેરી
૧૭. નવસારી ગવર્મેન્ટ ડિસ્ટ્રીકટ લાયબ્રેરી
૧૮. વડોદરા ગવર્મેન્ટ ડિસ્ટ્રીકટ લાયબ્રેરી
૧૯. નવસારી ડિસ્ટ્રીકટ લાયબ્રેરી
૨૦. દમણ મ્યુનિ કાઉન્સીલ લાયબ્રેરી
૨૧ વલસાડ ગવર્મેન્ટ ડિસ્ટ્રીકટ લાયબ્રેરી
૨૨. ડાંગ ગવર્મેન્ટ ડિસ્ટ્રીકટ લાયબ્રેરી

આ ઉપરાંત બીજી અને પ્રખ્યાત લાયબ્રેરીમાં કૃષ્ણજીના પુસ્તકો આપવા આવ્યા છે તેમજ આ બધીજ લાયબ્રેરીમાં ત્રિમાસિક 'અંતરમેળ' મોકલવામાં આવે છે.

## અંગ્રેજી ભાષામાં નવા પ્રકાશન




કિશોરવયના બાળકો અને યુવકો માટેના પુસ્તકોની માલિકામાં *(Booklets for Young People)* હાલમાં ત્રણ પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યા છે - *Discover Your Hidden Talent; Does School Prepare You For Life?;* અને *Have Strong Feelings : Don't be frightened of them.* કૃષ્ણમૂર્તિએ વિદ્યાર્થીને ઉદ્દેશીને આપેલા વાર્તાલાપોનું સંકલન છે. વારાણસી રાજઘાટને બેઝંટ સ્કુલ; આંધ્રપ્રદેશમાં સ્થાપિત ઋષિવેલી સ્કુલમાં આપેલા વાર્તાલાપો છે. પુસ્તકોના શીર્ષક એ વાતનું સૂચન કરે છે કે માધ્યમિક શાળા અને ઉચ્ચ માધ્યમિક વિદ્યાલયોમાં કિશોરવયના યુવાન બાળકોને મુંઝવતા અનેક પ્રશ્નનો ઉલ્લેખ આ પુસ્તકોમાં સમાવિષ્ટ છે. કૃષ્ણમૂર્તિએ કરેલા મૂલ્ય રૂ.૧૦.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર રાજઘાટ, વારાણસીમાં આયોજિત કાર્યશાળાઃ**
૩૦ ઓકટોબર (સંધ્યાકાળ સુધી આગમન) - ૩ નવેમ્બર, ૨૦૧૧ હિન્દી સંમેલન - **સ્વયં કો સમઝને કી આવશ્યકતા**
૨૬-૨૯ ડિસેમ્બર, ૨૦૧૧ **આંતરરાષ્ટ્રીય કાર્યશાળા The Scientific and Religious mind**
કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડીયા, રાજઘાટ ફોર્ટ વારાણસી-૨૨૧ ૦૦૧
ટેલિફોનઃ ૦૫૪૨ - ૨૪૪૧૨૮૯ / ૨૪૪૦૪૫૩
Email: kcentrevns@gmail.com • Website: www.j.krishnamurti.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બેંગલુરુ માં આયોજીત કાર્યશાળાઃ**
૧૦-૧૩ નવેમ્બર, ૨૦૧૧ **Why do I Resist Change?**. ૮-૧૧ ડિસેમ્બર, ૨૦૧૧ **Freedom from Fear**
૨૩-૩૦ ડિસેમ્બર, ૨૦૧૧ **Youth Gathering : What are you doing with your Life?**
૨૫-૨૯ જાન્યુઆરી, ૨૦૧૨ **Silence, Stillness, Meditation**
સંપર્કઃ ધ સ્ટડી, વેલી સ્કુલ કૅમ્પસ, હરિદ્વનમ્, ૧૭ કિ.મી. કનકપૂરા રોડ, થાતગુણી પોસ્ટ બેંગલુરુ-૫૬૦૦૬૨.
ટેલિફોનઃ ૦૮૦ - ૨૮૪૩૫૨૪૩ • Email: kfistudy@gmail.com • Website: www.kfistudy.org

**કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈંડિયા, વસંતવિહાર,** ૧૨૪ ગ્રીનવેજ રોડ, ચૈનેઈ-૬૦૦ ૦૨૮
Email: info@kfionline.org • Website: www.kfionline.org.
નિવાસી કાર્યશાળા (શુક્રવાર સાંજથી રવિવારની રાત્ર સુધી) - ૩૦ સપ્ટેમ્બર થી ૨ ઓકટોબર, ૨૦૧૧

### વાર્ષિક સંમેલન : તા. ૨૦ - ૨૩ નવેમ્બર, ૨૦૧૧

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડીયા દ્વારા દર વર્ષે યોજવામાં આવતું વાર્ષિક સંમેલન આ વર્ષે સહ્યાદ્રિ અધ્યયન કેન્દ્રમાં તા. ૨૦ થી ૨૩ નવેમ્બર, ૨૦૧૧ દરમિયાન યોજવામાં આવશે. સર્વ કોઇ માટે આ સંમેલન છે. આ સંમેલનમાં સહભાગી થનાર દરેક અભ્યાસકને સ્વયંના જીવનને વિશે પુનર્નિરીક્ષણ કરવાનો મોકો મળશે. અરસપરસને સમજવાનો અવસર પ્રાપ્ત થશે. કાર્યક્રમનું મુખ્ય સ્વરૂપ આ પ્રમાણે હશે. કૃષ્ણમૂર્તિના વાર્તાલાપની વિડીયો બતાવવામાં આવશે. નાના ગ્રુપમાં વાર્તાલાપને ચર્ચા કરવામાં આવશે અને નૈસર્ગિક વાતાવરણમાં ચિંતન, મનન કરવા માટે સુંદર એવું સ્થળને સમય પ્રાપ્ત થશે.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રિમાં યોજીત કાર્યશાળાઃ**
પોસ્ટ-તિવઇ હૉલ, તાલિકા ખેડ (રાજગુરુ નગર, જિ. પૂના ૪૧૦૫૧૩ મહારાષ્ટ્ર. ટે.નં. ૦૨૧૩૫-૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૦૩૪૭૫.
Email: kfisahyadri.study@gmail.com • Website: www.kscskfi.com
**ઋષિવેલી, કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર,** ઋષિવેલી, જિ. ચિત્તૂર, આંધ્રપ્રદેશ-૫૧૭૩૫૨
ટેલિફોનઃ ૦૮૫૭૧-૨૬૦૩૭/૬૮૬૨૨/૬૮૫૮૨ • Email: study@rishivalley.org • website: www.rishivalley.org
**ઉત્તરકાશી, કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર,** પોસ્ટ, રાનારી, ડુંડા બ્લોક. જિ. ઉત્તરકાશી-૨૪૯૧૫
ટેલિફોનઃ ૯૪૧૨૪૩૬૪૨૯/૯૪૧૫૯૮૩૬૯૦ • Email: krc.himalay@gmail.com
ભારતીય ભાષાઓમાં સંકેત સ્થળ website: www.jkrishnamurtionline.org
**કોલકત્તા, કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડીયા. દેવદાર સ્ટ્રીટ કોલકત્તા-૭૦૦ ૦૧૯
ટેલિફોનઃ ૦૩૩, ૪૦૦૮૨૩૯૮ • Email: kfikolkata@gmail.com
**કટક-ઓરિસા, કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર,** પૂરીઘાટ રોડ, તેલંગા બજાર. કટક-૭૫૩૦૦૯, ઓરિસા.
ટેલિફોનઃ ૦૬૭૧-૬૪૧૭૯૯૦ • Email: kficuttackcentre@sify.com
**આનંદવિહાર કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર,** બદલાપુર, કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાભિળઘર, રાહાટોલી ગામની નજીક, બદલાપુર(પ્ર). તા. થાણા, પીનકોડ ૪૨૧૫૦૩, મહારાષ્ટ્ર.
ટેલિફોનઃ ૦૮૦૦૭૪૩૯૭૦૨, ૦૨૨-૨૫૦૧૪૦૯૪, ૨૪૨૨૩૧૯૯ • Email: zilog@vsnl.com

## બેંગલુરુ અધ્યયન કેન્દ્ર



કર્નાટકમાં બેંગલુરુ શહેરથી ૨૫ કિ.મી. દૂર 'ધ સ્ટડી' એ કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર છે 'હરિદ્વનમ્' એ વનરાઈથી છવાયેલું સુંદર નૈસર્ગિક વાતાવરણમાં છેલ્લા ૨૫ વર્ષથી આ કેન્દ્ર કાર્યરત છે. કૃષ્ણમૂર્તિના શિક્ષણનો અભ્યાસ કરવા માટે એ એક સુંદર સ્થળ છે.

ત્યાંની હરિયાળી, નિસર્ગ અને અતિશાંત વાતાવરણ સ્વયંમાં ચિંતન મનન કરવા માટે ઘણું જ સારું એ નિસર્ગમાંથી શીખવા માટે કોઈ માનવગુરુની આવશ્યકતા નથી. આપણે દૈનિક જીવનમાંથી થોડીક ફુરસત કાઢી સ્વચિંતન માટે પોષક વાતાવરણ ત્યાં મળે છે માટે ત્યાં જવા જેવું સ્થળ છે.

આ અધ્યયન કેન્દ્રમાં ચાલતા કાર્યક્રમ :

અહીં દર મહિનામાં ચાર દિવસની કાર્યશાળા ચાલે છે. વાલી, શિક્ષકો માટે અનૌપચારિક રીતે અભ્યાસવર્ગ આયોજિત કરવામાં આવે છે. તેમજ સર્વસાધારણપણે અધ્યાત્મમાં રસ ધરાવતા લોકો માટે માસિક સભાનું પણ આયોજન હોય છે. અને કૃષ્ણમૂર્તિના શિક્ષણનો ગંભીરતાથી અભ્યાસ કરવા ઈચ્છતા લોકો માટે ખાસ વર્ગોનું આયોજન પણ કરવામાં આવે છે.

આ કેન્દ્રનો, મુખ્ય ઉદ્દેશ કૃષ્ણમૂર્તિનું શિક્ષણ અધિકાધીક લોકો સુધી પહોંચે એ માટે અહીં કૃષ્ણજીના ઈંગ્લીશ અને કન્નડ ભાષામાં અનુવાદિત પુસ્તકોનું વેચાણ કરવામાં આવે છે. અને તેના અનુવાદનું કાર્ય આ કેન્દ્રમાં થાય છે. આ કેન્દ્ર પરથી કન્નડ ભાષામાં ''સહપયણા'' નામની ત્રિમાસિક પત્રિકા પ્રસિધ્ધ કરવામાં આવે છે. લગભગ ૧૦૦ કરતા વધુ કન્નડભાષા જાણતા લોકોને આ પત્રિકા મોકલવામાં આવે છે. અંગ્રેજી ભાષાની પત્રિકાને ઈમેઈલ દ્વારા મોકલવામાં આવે છે.

અહીંના વાચનાલયમાં કૃષ્ણજીના અંગ્રેજી અને કન્નડ ભાષાના પુસ્તકોને રાખવામાં આવ્યા છે. કૃષ્ણજીના વાર્તાલાપની સીડી, ડીવીડી પણ રાખવામાં આવી છે. અહીં આવનારને રહેવા માટે દરેક અભ્યાસક માટે કુટિર બનાવવામાં આવી છે. કુટીરમાં આવશ્યક બધી સગવડતા રાખવામાં આવી છે. કુટીરમાં રહેવા અને જમવા માટેનો ખર્ચ વ્યક્તિ દીઠ રૂા. ૬૦૦-૧૦૦૦ રાખવામાં આવ્યો છે અને આવનારની ક્ષમતા પ્રમાણે આકારણી કરી ખર્ચ લેવામાં આવે છે. આ કેન્દ્રના વ્યવસ્થાપન અને તેના દર્જા પ્રમાણે રાખવા માટે ખર્ચની આકારણી કરવામાં આવી છે. જેમને અહીં આવવાની ઈચ્છા થાય તેમણે નીચેના સરનામે સંપર્ક કરવો.

ધ સ્ટડી, વેલીસ્કૂલ કેમ્પસ,  
૧૭ કિ.મી. કનકપુરા માર્ગ,  
થાતગુણી પોસ્ટ, બેંગલુરુ-૫૬૦ ૦૬૨.  
ટે.નં. (૦૮૦) ૨૮૪૩ ૫૨૪૩.  
Email : kfistudy@gmail.com

કૃષ્ણમૂર્તિવિષયા માટે કઈ વેબઈસાઈટસ્:

www.jkrishnamurti.org  
www.kfionline.org  
www.kfa.org  
www.kfoundation.org  
www.kinfonet.org

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા કેન્દ્ર હિંમત નિવાસ, મલબાર હિલમાં છે. અહીં કૃષ્ણજી ના બધા પુસ્તકો, ડીવ્હીડી ઉપલબ્ધ છે. બાલ આનંદ-બાલવિકાસ કેન્દ્ર, મુંબઈ સ્થિત આ કેન્દ્ર સાથે સલગ્ન છે.

કેન્દ્ર તરફથી વખતો વખત કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં જીવનનો ગહનતાપૂર્વક અભ્યાસ કરનાર વિચારવંતોના પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. હર શનિવાર અને રવિવારે કૃષ્ણજીના વાર્તાલાપ અને સંવાદોની વ્હીડીયો નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તેમજ દર ગુરૂવારે સમુહ વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યુ છે.

સેંટ ઝેવિયર્સ કોલેજમાં હર મહિના ના પહેલાં શુક્રવારે વ્હીડીયો નો કાર્યક્રમ હોય છે એને તેના પછી આવતા સોમવારે તે વિડીયોના વિષય પર સંવાદનું આયોજન કરવામાં આવે છે. મુંબઈમાં આવેલી કોલેજ અને શાળામાં વિદ્યાર્થી અને શિક્ષક સાથે સંવાદનો કાર્યક્રમ સંસ્થા યોજે છે.

સંપર્ક : કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા  
બોમ્બે એક્ઝીક્યુટીવ કમિટી, હિંમત નિવાસ,  
૩૧, ડોંગરસી રોડ, મલબાર હિલ,  
મુંબઈ - ૪૦૦૦૦૬  
દૂરધ્વની : ૨૩૬૩૩૮૫૬  
ઈમેલ : kfimumbai@gmail.com

અતંરમેળ આ વૃત્તપત્રિકા દર ચાર મહિને પ્રસિધ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણના અભ્યાસ કરવા ઈચ્છીત વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્ય નો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગતા લેખ, સંસ્થાના કાર્યક્રમ તેજ અભ્યાસકેન્દ્રની તેમજ પુસ્તક વગેરેની માહિતી આ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવશે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઈચ્છા હોય તો અમારા મુંબઈ કેન્દ્ર ના સરનામા પર પત્ર દ્વારા કે ઈમેલદ્વારા બબર કરવી. કૃપા કરી તમારુ સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઈમેલ હોય તો તે જાણાવશા.

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*  
**Krishnamurti Foundation India**  
Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,  
Malabar Hill, Mumbai - 400 006.  
Tel.: (022) 2363 3856 • Email : kfimumbai@gmail.com  
Websites : www.kfionline.org, www.jkrishnamurti.org

*Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006.*  
*Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net • Editor : Vasanti Padte*  
*Designed by Eurythmic Designs, Rite-Print-Pak, Mumbai- 400 013. E-mail : info@Eurythmicdesigns.com*